ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ – (ભુજ કચ્છ)
Email-coe@kskvku.ac.in

ફોન નં.: ૨૩૫૦૦૩/૦૪
web: kskvku.ac.in

રેફ:ક.યુ/પ.વિ/RTI/RC&RA/૨૦૨૪/ ૧૫૫૭

તા.૦૧/૦૭/૨૦૨૪

**પ્રતિ,**
**વિદ્યાર્થી મિત્રો,**
**અધ્યક્ષશ્રી / આચાર્યશ્રી / અધ્યાપકશ્રીઓ,**
સંલગ્ન વિભાગ / કોલેજ તમામ
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ (કચ્છ)

**વિષય:**– આર.ટી.આઇ./રી–ચેકિંગ/રી–એસેસમેન્ટની રીવાઇઝ એસ.ઓ.પી.ના અમલીકરણ બાબત.
**સંદર્ભ:**– તા.૨૦/૦૩/૨૦૨૪ ના રોજ માનનીય કુલપતિશ્રીની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.

**શ્રીમાન,**

કચ્છ યુનિવર્સિટીની માર્ચ–એપ્રિલ ૨૦૨૪ ની પરીક્ષાથી માનનીય કુલપતિશ્રી નોધ પરની મંજૂરી અન્વયે રૂબરૂ ઓબ્ઝર્વેશન/રી–ચેકિંગ,રી–એસેસમેન્ટની પ્રક્રિયા માટે નીચે મુજબની એસ.ઓ.પી (રીવાઇઝ) અમલી કરવામાં આવશે. જેની સર્વે વિદ્યાર્થીઓએ નોધ લેવી.

- વિદ્યાર્થીઓને ઉતરવહીના રૂબરૂ ઓબ્ઝર્વેશન માટે ૩૦ (ત્રીસ) મિનિટનો સમય આપવામાં આવશે.
- ઉત્તરવહીના ઓબ્ઝર્વેશન માટેનું સમયપત્રક કચ્છ યુનિવર્સિટીની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે.
- ઓબ્ઝર્વેશન/રી–ટોટલીગ માટે રીઝલ્ટ આવ્યાના દિન – ૧૦ માં કચ્છ યુનિવર્સિટી પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.
- રૂબરૂ ઓબ્ઝર્વેશન ઉતરવહી દિઠ રૂ.૧૦૦/– વિદ્યાર્થીએ કચ્છ યુનિવર્સિટી પોર્ટલ પર ઓનલાઇન ભરવાના રહેશે.
- રૂબરૂ ઓબ્ઝર્વેશન દરમ્યાન વિદ્યાર્થીએ તેની ઉત્તરવહીમાં કોઇ પ્રશ્ન તપાસવાનો બાકી રહી ગયેલ હોય અથવા સરવાળામાં ભુલ હોય તે બાબતો જોવામાં આવશે. તેની જાણ સ્થળ પર હાજર જે તે અધિકારી/કર્મચારીને કરવાની રહેશે.
- રૂબરૂ ઓબ્ઝર્વેશન માટે વિદ્યાર્થીએ પોતે જાતે જ રૂબરૂ આવવાનું રહેશે. તેના વાલી કે અન્ય કોઇ સગા–સબંધીને ઉત્તરવહી બતાવવામાં આવશે નહી.
- રૂબરૂ ઓબ્ઝર્વેશન સમયે વિદ્યાર્થી મોબાઇલ, કોઇ ઉપકરણ કે અન્ય કોઇપણ સાહિત્ય સાથે રાખી શકશે નહી.
- રૂબરૂ ઓબ્ઝર્વેશનમાં જો કોઇ સુધારો હશે તો તેની જાણ વિદ્યાર્થીને કરવામાં આવશે અને સુધારાવાળી માર્કશીટ તેમની જે તે કોલેજ/ડિપાર્ટમેન્ટ માંથી મેળવી લેવાની રહેશે.
- રૂબરૂ ઓબ્ઝર્વેશન બાદ પણ જો વિદ્યાર્થીને અસંતોષ હોય તો તુરંત જ વિદ્યાર્થીએ રી–એસેસમેન્ટની ઓફલાઇન/મેન્યુઅલી અરજી કરવાની રહેશે.આ માટે રૂ.૨૦૦/– પેપરદીઠ ભરવાના રહેશે.
- ઉત્તરવહીનું રી–એસેસમેન્ટ થયા બાદ પરીણામ જાહેર થાય અને વિદ્યાર્થીને અસંતોષ હોય તો પોતાની જ ઉત્તરવહીની નકલ આર.ટી.આઇ. મારફતે માંગી શકશે.
- વિદ્યાર્થીએ ઉત્તરવહીની નકલ આર.ટી.આઇ.માં મેળવવા માટે આર.ટી.આઇ.ના નિયમોનુસારની ફી ભરવાની રહેશે.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

**નકલ રવાના :–**

૧. કુલપતિશ્રીના કાર્યાલય તરફ.
૨.પરીક્ષા નિયામક કાર્યાલય તરફ.
૩. સિસ્ટમ ઇજનેર તરફ જરૂરી કાર્યવાહી કરવા અર્થે.
૪. તમામ કોલેજો તરફ વિધાર્થીઓને જાણ અર્થે.
૫. માહિતી અધિકારીશ્રી,કચ્છ યુનિવર્સિટી,ભુજ